મેઇલ માધ્યમે

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/2022/01

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર

તા:-01/01/2022

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:-શિષ્યવૃતિ ફેલોશીપના ફોર્મ ઓનલાઇન ભરવા બાબત.
(સને.2021-22)

સંદર્ભ:-1:-શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક:-એસ.સી.એચ./1116/539/છ
તા:-14/08/2017

સંદર્ભ-2:-સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક:-હ-2/સ્કો/2021/208/
28-12-2021

માનનીયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વષ-2021માં ધો.10ની એસ.એસ.સી.ની પરીક્ષામાં 70% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ અને જેઓના વાલીની વાર્ષિક આવક રૂ. 2,50,000/- કે તેના કરતાં ઓછી છે તેઓને ચાલુ વર્ષમાં ફેલોશીપ શિષ્યવૃતિ યોજના હેઠળ શિષ્યવૃતિ મળવાપાત્ર થાય છે. આપના તાબાની નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ નીચે જણાવેલ સૂચનાને ધ્યાને રાખી સમય મર્યાદામાં પોર્ટલ પર દરખાસ્ત કરે અને રાજ્ય સરકારશ્રીની ઉક્ત યોજનાનો વિદ્યાર્થીઓને લાભ મળે તેવી જાણ અને કાર્યવાહી થાય તે માટે વિનંતી.

1. સરકારી અને બિનસરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા અને વર્ષ-2021 ધો.10 ની એસ.એસ.સી.ની પરીક્ષામાં 70 ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ધો.11માં ચાલુ વર્ષમાં ફેલોશીપ શિષ્યવૃત્તિ મેળવવા માટે ફોર્મ ભરવાના થાય છે. (વર્ષ-2021નું પરિણામ બોર્ડ દ્વારા તમામ શાળાઓને S.R. કોપી આપવામાં આવેલ છે. )
2. ફેલોશીપ શિષ્યવૃત્તિ કેટેગરી વાઇઝ મેરીટ પ્રમાણે આ યોજના માટે સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવેલ સંખ્યાની મર્યાદામાં મળવાપાત્ર થશે. (ઠરાવની જોગવાઇઓ મુજબ)

દરખાસ્ત કરવા માટે વેબસાઇટ http://www.digitalgujarat.gov.in ના Home Page ઉપરના Click for new registration (citizen) લાલ કલરના બોક્ષ પર કલીક કરીને રજીસ્ટ્રેશન કરાવીને પોતાની પર્સનલ વિગતો ભરવાની રહેશે, તે Save કરીને ત્યારબાદ OTP ના આધારે વેરીફાઇ કરીને Scholarship પસંદ કરીને ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ ભર્યા બાદ તમામ આધારો એટેચ કરી ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

4. સદર પોર્ટલ પર અરજીની સાથે ધો.10 ની માર્કશીટ, આવકનો દાખલો, જાતિ અંગેનું પ્રમાણપત્ર, ફી ભર્યાની રસીદ, આધારકાર્ડ, બેન્ક પાસબુક વગેરે સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. તે માટે ફોર્મ ભરતા પહેલાં સદર પોર્ટલ પર યોજનાની વિગતો જોઇ લેવાની રહેશે.

5. તમામ સૂચનાઓ ડિઝીટલ ગુજરાત પોર્ટલ પર આપવામાં આવેલ છે.

સરકારશ્રીની ઉક્ત યોજનના લાભાર્થી વધુમાં વધુ વિદ્યાર્થીઓ બને તે માટે સંબંધિત કક્ષાએ કાર્યવાહી ઝડપથી કરવા વિનંતી. સમયસર માહિતી ન મોકલવાના કારણે વિદ્યાર્થીઓ સ્કોલરશીપથી વંચિત રહી જશે તો તેની જવાબદારી સંબંધિત સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.

આ બાબતે અંગત રસ લઇ કામગીરી થાય તે માટે શાળાના આચાર્યશ્રીઓને જણાવવા વિનંતી.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>બિડાણ:-</u> **શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક:-એસ.સી.એચ./1116/539/છ તા:-14/08/2017**

**<u>સવિનય નકલ રવાના જાણ સારૂં:-</u>**

1. **માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર**
2. **માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર**
3. **માનનીય સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, (માધ્યમિક), કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગર**
4. **માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર**

મા-૨/પરચ/૨૦૨૧/વશી/૦૩/ 620

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૦૭/૦૧/૨૦૨૨
12

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- ઉપરોક્ત પત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ થવા સારું.

(એચ. એચ. રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત